RNI NO. GUJGUJ/2015/64872

SINCE - 1968

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામયિક

Vol.No-3, Issue No-10

TOTAL PAGE-4 Ahmedabad, Saturday 05/05/2018

# પ્રભુનું સંક્ષિપ્ત સ્વરૂપ એટલે 'માતા'



જ્યોતિ પરમાર
'ધી ઓપન પેજ'

**માતા પોતાના બે બાળકો હોય કે છ બાળકો હોય દરેકને સમાન રીતે ઉછેરે છે, પરંતુ આજ બે કે છ બાળક એક માતાને તેમના ઘડપણનાં સમયે સાચવી નથી શકતા.**



મા એવો શબ્દ છે જે બોલતા આખુ મુખ ખુલી જાય. જે રીતે 'મા' માં આખુ જગત સમાયેલું છે. કહેવામાં આવે છે. ભગવાન ધરતી પર બધી જગ્યાએ પહોંચી ન રહે તે માટે તેમણે 'મા' નાં અસ્તિત્વને, અસ્તિત્વમાં મૂક્યું. ભગવાને પોતાની દરેક ખૂબી માતામાં આપી પોતાના ગમે તેટલા બાળકો હોય તેમાં કોઈ ભેદભાવ વગર તેમને સમાન ગણી સંપૂર્ણ પ્રેમ દરેક બાળકને આપ્યો. બાળકની દરેક લાગણીને વગર બોલ્યે સમજી જવી. બાળકની મોટામાં મોટી ભૂલને માફ કરી તેટલું જ વાત્સલ્ય આપવું. બાળકને સમજાવવા માટે કઠોર વ્યવહાર કે પરિસ્થિતિ હોય તેમાં તેનો સાથ આપવો. આમ, ભગવાને પોતાનામાં રહેલી દરેક લાગણીઓ 'મા'નાં સર્જનમાં લગાવી અને કર્યુ 'મા'નું સર્જન જેથી પૃથ્વી પર તેમનું કાર્ય થોડુ હળવું બન્યું.

આ બધી લાગણીઓ સાથે 'મા'નું અસ્તિત્વ પૃથ્વી પર આવ્યું. તે ભગવાનનો સૌથી મોટો ચમત્કાર બન્યો. કારણકે ભગવાને પોતાનું જાણે સંક્ષિપ્ત સ્વરૂપ પૃથ્વી પર મોકલી આપ્યું. અને તેના બાળકો માટે તે વરદાન સાબિત થયું.

માતાનાં વાત્સલ્યની વાત કરીએ તો હર હંમેશ તે તેના બાળકો પર વરસતુ રહેતું હોય છે. બાળક ગમે તેટલું મોટુ થઈ જાય તેને માંના વાત્સલ્યની જરૂર હર હંમેશ રહે છે. બાળક ગમે તેટલુ મોટુ થઈ ગયું હોય માતાને તે નાનું જ લાગે છે. અને માતા બાળક ગમે તેટલું મોટુ હોય પરંતુ તે બાળકનાં બાળપણમાં જેમ વાત્સલ્ય કરતી હોય તે જ વાત્સલ્ય આપણને ત્યારે જોવા મળે છે. કહેવાય છે આખુ બ્રહ્માંડ 'મા'ના ચરણોમાં છે.

માતાને પોતાના બે બાળકો હોય કે છ બાળકો હોય દરેકને સમાન રીતે ઉછેરે છે, પરંતુ આ જ બે કે છ બાળક એક માતાને તેમના ઘડપણનાં સમયે સાચવી નથી શકતા. આ ખૂબજ શરમ જનક વાત છે.

માતા બાળકને ઉછેરવામાં પોતાનું આખુ જીવન આપી દે છે. માતાનું પોતાનું જીવન તેને બાળક માટે જ કરી દીધુ હોય તે રીતે તેનું ખૂબ લાલન પાલનથી ઉછેરે છે. માતાનો પ્રેમ આપણને સંપૂર્ણ જીવન જીવતા કરે છે. પરંતુ આપણે માતાને કંઈ આપી નથી શકતા.

**બાળક ગમે તેટલું મોટુ થઈ જાય તેને માના વાત્સલ્યની જરૂર હર હંમેશ રહે છે.**

તેમના પ્રેમની સામે દુનિયાની કોઈપણ વસ્તુનો કોઈ મોલ નથી. તેમ છતાં માને પોતાનો પ્રેમ અનુભવ કરાવવા અને તેમને સૌથી મહત્વપૂર્ણ ગણાવવા માટે આપણે માતૃદિનની ઉજવણી કરીએ છીએ. તે દિવસે માતાને ભેટ સોગાદો આપવામાં આવે છે.

અને બાળકોને માતા પ્રત્યે જે પ્રેમ છે તે પ્રગટ કરવામાં આવે છે. આ પ્રેમ પ્રગટ કરવા માટે સંતાનો "મધર્સ ડે"ની રાહ શા માટે જોવે છે? સંતાનો કેમ માતાની જેમ રોજ, હરેક પળ માતાને પ્રેમ નથી કરતા! માતાને તો બસ તેના સંતાનો તરફથી ફક્ત નિસ્વાર્થ પ્રેમની જ આશા હોય છે. આ મધર્સ ડે ને આપણે કંઈ ખાસ બનાવીએ અને માતાને રોજ પ્રેમ કરી, આદર આપી દરેક દિવસને મધર્સ ડે બનાવવાની પ્રતિજ્ઞા લઈએ.

*"મારી માતા મારા હૃદયનો એક ખાસ ભાગ છે,*
*તે મારૂ અનમોલ મોતી છે, મારો આત્મા*
*મારી જીવન સાથી છે તે મારા જીવનને*
*મહાન બનાવે છે, તે પાંખ વિનાનું*
*દેવદૂત છે".*

# શિક્ષિત સસલુ..



બલદેવ જે. પરી,
શિક્ષક, જૂનાગઢ

**સસલાભાઈને ખૂબ ભૂખ લાગી. આજુબાજુ ક્યાંય ઘાસ નહોતું. એટલે કાબરો ઉડીને નદી કાંઠે જઈને લીલુછમ ઘાસ સસલાભાઈ માટે લઈ આવી કે સસલાભાઈ આટલું ભણેલા છે તો આપણે એમની સેવા કરવી જોઈએ.**

એક સસલો હતો. તેનું મગજ જરા તેજ હતું. આથી નાનપણથી શિક્ષણ મેળવવાની ઝંખના વધારે પડતી હતી. આથી એને સારી શાળામાં દાખલ કરવામાં આવ્યો. અને એ ખૂબ મહેનત કરતો અને ખૂબ સારા પરિણામો લાવતો. આથી ભણવામાં હંમેશા એ મોખરે રહેતો. ભણવામાં મોખરે રહેવું એ ઘણી સારી વાત ગણાય પરંતુ સસલાની તકલીફ એ હતી કે સારુ ભણવાને લીધે એ અભિમાની બની ગયો. અને જ્યાંને ત્યાં એવું બતાવ્યા કરે કે પોતે જ બુદ્ધિશાળી છે. અને બીજા બધા મુર્ખ અથવા અજ્ઞાની છે. જેણે શિક્ષણ નથી લીધું તેનું જીવન એળે ગયું છે વગેરે વગેરે.

જ્યારે એ ભણીને ઘેર પાછો આવતો હતો ત્યારે તેને પોતે બધાનાથી વિશેષ છે એવો ભાવ એના મનમાં રમ્યા કરતો હતો. એવા સામે એક મગર મળ્યો. સસલાને થયું કે ચાલ મગર સાથે થોડી વાતો કરીને માઈન્ડ ફ્રેશ કરૂં. એટલે એ મગર સાથે વાતે વળગ્યો. એણે મગરને પહેલાં જ પૂછ્યું કે 'તુ શું ભણ્યો છે?' મગર કહે, ભાઈ એ મારૂ કામ નહીં. આપણે તો બસ જીવન ગુજારીએ છીએ. ભૂખ લાગે ત્યારે નદીમાં પડવાનું શિકાર શોધવાનો અને પેટ ભરાઈ જાય એટલે નદીનાં કાંઠે ઝાડ નીચે પડ્યાં રહેવાનું. સસલો કહે, અરે યાર આતે કંઈ જીવન છે, જે ન ભણ્યાં એની જીંદગી પાણીમાં ગઈ અને તારી જીંદગી તો આમેય પાણીમાં જ પસાર થાય છે. તમને ખબર નથી પડતી કે તમે ભણ્યા વગર કેટલું ગુમાવો છો! ભણો તો ખબર પડે કે આ દુનિયા કેટલી મોટી છે? તમારામાં અને કૂવામાંનાં દેડકામાં કશો ફરક નથી. વળી, અભણ અને આંધળો બંને સરખા. કંઈક ભણો તો બુદ્ધિનો વિકાસ થશે. એમ કહીને સસલાએ શિક્ષણનાં મહત્વ પર લાંબુ લચાક ભાષણ આપી દીધું. મગર બિચારો સસલાનાં શિક્ષણ પરનાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં વિચાર સાંભળીને સૂઈ ગયો.





સસલાને થયું કે, આ ઘનચક્કરને મે ક્યાં શિક્ષણની વાતો કરી. આ જાડી ચામડીવાળાને આ વાતોની જરૂર જ ક્યાં છે? એમ વિચારીને સસલો આગળ ગયો તો આગળ નદી પાર કરવાની આવી. હવે સસલાને તરતા આવડે નહીં એટલે શું કરે? એટલે તરત જ એને મગરની યાદ આવી ગઈ. એ દોડતો દોડતો મગર પાસે આવ્યો. મગરને જગાડ્યો અને મગરની પીઠ પર બેસીને નદી પાર કરી. સસલાને થયું કે આ અભણ લોકો તો આ કામ માટે જ જન્મ્યા છે. કાંઠાની પેલે પાર જઈ રસ્તામાં સસલાને વાંદરો મળ્યો. એટલે સસલાએ વાંદરાને પૂછ્યું કે, તુ ભણેલો છે? વાંદરો કહે ના, એટલે સસલાએ વાંદરાને પણ ઉભો રાખીને શિક્ષણ વિશે લાંબુ લચાક ભાષણ આપી દીધું. એવામાં વરસાદ પડવા લાગ્યો. રાત કાઢવાનો પ્રશ્ન ઉભો થયો. સસલો ગભરાઈ ગયો. વાંદરો કહે, હું વ્યવસ્થા કરી આપું છું. અને વાંદરાએ ઝાડ પર ચઢીને થોડી ડાળીઓ અને પાંદડા તોડીને નાની એવી સુંદર જગ્યા બનાવી દીધી કે જેની અંદર સસલાની રાત સારી રીતે પસાર થાય. જાણે કે એક નાની ઝૂંપડી. સસલાએ ચૂપચાપ રાત પસાર કરી અને સવારે શાંતિથી નીકળી ગયો. તેને થયુ કે વાંદરાએ ઝૂપડી ન બનાવી આપી હોત તો મારૂ આવી જ બનત. પછી તેને કાબરો મળી. સસલાએ જાણી લીધુ કે કાબરો પણ ભણી નથી. એટલે એણે વળી શિક્ષણનાં મહત્વની કેસેટ વગાડવા માંડી. વાત કરતાં કરતાં બપોર પડી. સસલાભાઈને ખૂબ ભૂખ લાગી. આજુબાજુ ક્યાંય ઘાસ નહોતું. એટલે કાબરો ઉડીને નદી કાંઠે જઈને લીલુછમ ઘાસ સસલાભાઈ માટે લઈ આવી કે સસલાભાઈ આટલું ભણેલા છે તો આપણે એમની સેવા કરવી જોઈએ. વળી, સસલુ આગળ ગયું તો વાઘ મળ્યો. સસલાએ વાઘને પણ શિક્ષણની વાતો કરી અને આગળ વધ્યું. એવામાં સામેથી બે શિકારી કૂતરા સસલા તરફ ઘસી આવતાં હતાં. સસલાને લાગ્યું કે, 'હવે મર્યા' જીવ બચાવવા તે દોડ્યો સીધો વાઘ પાસે. વાઘે સસલાને શિકારી કૂતરાનાં પંજામાંથી છોડાવ્યું. અને સસલું આગળ વધ્યું.

હવે સસલાને ખબર પડી કે પોતે બુદ્ધિ અને દિમાગનાં જોર પર ભણી તો કાઢ્યું. પરંતુ પોતાની પાસે માત્ર પુસ્તકીયું જ્ઞાન જ છે. વ્યવહારૂ જ્ઞાન તો છે જ નહીં. જીવન જીવવા માટે વ્યવહારૂ જ્ઞાન જરૂરી છે. મગરની પાણીમાં તરવાની આવડત, વાંદરાની ઝૂંપડી બનાવવાની આવડત, કાબરની ઉડવાની આવડત અને વાઘની રક્ષણ કરવાની આવડત આગળ પોતાનું પુસ્તકીયું જ્ઞાન સસલાને થોડું ઉતરતું લાગવા માંડ્યું. એને થયું કે મગજની સાથે સાથે આપણા શરીરનાં અન્ય અંગો પણ કામ કરવા જોઈએ. ત્યારથી સસલાએ કમ સે કમ નહીં ભણેલા પ્રાણીઓને ઉતારી પાડવાનું અને મશ્કરી કરવાનું છોડી દીધું. એને થયું કે આ દુનિયા બધાથી ચાલે છે, માત્ર ભણેલાથી નહીં...

# ઈન્દુલાલ યાજ્ઞિકઃ દેશ સેવાનાં જીવનવ્રતની કેળવણી



**ઈન્દુલાલ યાજ્ઞિક ગાંધીબાપુનાં તંત્રીપણા નીચે 'નવજીવન' સાપ્તાહિકરૂપે પ્રકટ કરતાં હતાં. ક્યારેક તો ગાંધીબાપુ બોલતા જાય અને ઈન્દુલાલ લખતાં જાય આમ ગાંધીબાપુ અને ઈન્દુલાલ વચ્ચે સેતુ બંધાયો.**

ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ ૨૨-૮-૧૯૯૨નાં રોજ નડિયાદ શહેરમાં થયો હતો. એમનું વિદ્યાર્થી જીવન ઉત્સાહી અને તેજસ્વી હતું. એમણે કોલેજ શિક્ષણ અમદાવાદ અને મુંબઈમાં લીધું હતું. તેઓ બી.એ. અને એલ.એલ.બી. થયાં હતાં. ગુજરાતની રાજકીય અને સામાજિક જાગૃતિનો પાયો નાખનાર મુખ્ય સેવકોમાંના એક અદના કાર્યકર હતાં.

અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના બાદ ગાંધી બાપુને એક ગુજરાતી પત્ર ચલાવવાની જરૂર લાગી. એ સમયે ઈન્દુલાલ યાજ્ઞિક 'નવજીવન અને સત્ય' નામે એક માસિક ચલાવતાં હતાં. ગાંધીબાપુ લોક કેળવણી કરવા માટે વિચારતાં હતાં. તેથી ઈન્દુલાલ યાજ્ઞિક ગાંધીબાપુનાં તંત્રીપણા નીચે 'નવજીવન' સાપ્તાહિકરૂપે પ્રકટ કરતાં હતાં. ક્યારેક તો ગાંધીબાપુ બોલતા જાય અને ઈન્દુલાલ લખતાં જાય આમ ગાંધીબાપુ અને ઈન્દુલાલ વચ્ચે સેતુ બંધાયો.

દેશ સેવાનું જીવનવ્રત એટલે કેળવણીઃ ગુજરાતમાં પત્રકારત્વ, ચલચિત્ર, સ્વદેશી પ્રચાર, આદિવાસી લોકસેવા, અસ્પુશ્યતાનિવારણ અને રાષ્ટ્રીય કેળવણી જેવા વિવિધ સેવાક્ષેત્રોમાં ખૂબજ કામ કરી સમાજ સેવક બન્યાં હતાં. બધા કરતાં અલગ રીતે કામ કરવા ટેવાયેલાં હતાં. એમણે જનાસોવાનાં કાર્યોમાં કદી ઓટ આવવા




દીધી ન હતી. એક ફકીરી સાદગી અને નિઃસ્વાર્થ સેવાભાવનાની લગનીમાં કદી પણ ઓટ આવવા દીધી ન હતી. માથે ટોપી અને ખભે બગલથેલો ભેરવીને અવિરત જીવનપથ કાપતા અલગારી ઈન્દુલાલ એક સંઘર્ષમૂર્તિ હતાં. તેઓ જીવન અને સર્જન એમ એકમેકનાં પૂરક હતાં.



**પ્રવિણ કે. મકવાણા**
**આચાર્ય, ભાવનગર**

'આત્મકથા ભાગ-૧'માં તેઓ કહે છે કે નાનપણથી આટઆટલો વૈરાગ્ય કેળવ્યો અને આટલી ધર્મ સાધના કરી. સામાજિક અને રાજકિય ક્રાંતિ વિશે આટલું બધુ વાંચ્યું ને વિચાર્યું. પૈસા કમાવવામાં કંઈ રસ ન હતો અને સ્નેહ જીવનમાં કંઈ દિલ્લગી ન હતી. ગાંધીજીનાં અને હિંદ સેવક સમાજનાં સંસ્કાર પડ્યા અને દેશ સેવામાં ઝંપલાવવાનાં મનસૂબા કર્યા.

**મારો નિશ્ચય એટલો ઉગ્ર અને અચળ હોય તો જ મારે આવું વ્રત લેવું જોઈએ અને તે માટે મારૂ દિલ મારે પુરેપુરૂ ચકાસવું જોઈએ.**

નવું માસિક તેમજ લેખન પ્રવૃત્તિ શરૂ કરીને નવા જીવનકાર્યનું મંગલા ચરણ કર્યું. તો હવે દેશ સેવા કરવાનો છેવટનો નિર્ણય કેમ ન કરવો ?

શાસ્ત્રીજીનાં છેલ્લા શબ્દો કાનમાં રમતાં હતાં. આ નવી પ્રવૃત્તિ કંઈ ચાર દિવસનું ચાંદરણું નહોતું લાંબી રજા લઈને દેશ સેવા લેવાનો આ સવાલ નહોતો પદ્ધતિસર દેશ સેવા કરવાને તો હિંદ સેવક સમાજમાં દાખલ થવું જ જોઈએ. તે માટે દેશ સેવાનું જીવનવ્રત લેવું જોઈએ. વકિલાતને કાયમને માટે છોડવી જોઈએ. ધન પ્રાપ્તિને કુટુંબ જીવનનાં બધા સ્વપ્નનાંને હંમેશને માટે તિલાંજલિ આપવી જોઈએ. મારો નિશ્ચય એટલો ઉગ્ર અને અચળ હોય તો જ મારે આવું વ્રત લેવું જોઈએ અને તે માટે મારૂ દિલ મારે પુરેપુરૂ ચકાસવું જોઈએ.

પછી જીવનનાં પ્રભાવથી એકલવીર બનીને જે અનેક સાધના અને અભ્યાસ કરતાં કરતાં રાજકીય ફકીરી લેવાની ભાવના મે કેળવી હતી, તે પરમ જ્યોત જેવી મારી દ્રષ્ટિ સમીપ ઝડકી ઉઠી અને તેણે મારો ભાવિ જીવનપંથ ઉજાળ્યો.

આમ ઈન્દુલાલ યાજ્ઞિક અખંડ સેવા વ્રતનાં પરમ ભેખધારી અને ઉમદા લોક કેળવણીકાર હતાં. તેમનું જીવન બધા માટે પ્રેરક બનેલ છે.



# "તમારી ઉર્જાનો ઉપયોગ રચનાત્મક કાર્યોમાં કરો"



**સથવારા નિમિષા,**
**આચાર્ય, અમદાવાદ**

દરેક મનુષ્યની અંદર ઉર્જાનો કેટલોક ભાગ રચનાત્મક કાર્યો માટે હોય જ છે. પોતાની ઉર્જાનો જે ભાગથી આપણે નામ અને દામ કમાવવામાં સક્રિય રહીયે છીએ. તેનાથી જીવનમાં પૂર્ણતા નથી આવતી. આ રીતે સતત કામ કરવાથી બે પ્રકારનાં લોકો સમાજમાં ઉભા છે. એક શોષણ અને લૂંટ દ્વારા ધન કમાવનારા અને બીજા શોષિત અને લૂંટાયેલા લોકો આ બંને વર્ગનાં લોકો વચ્ચે મનભેદ, મતભેદ અને સ્પર્ધા આવે તે સ્વાભાવિક છે. તેની સીધી અસર રાષ્ટ્રીય, સામાજીક અને પારિવારીક જીવન પર પડે છે. બધુ જોડીને દરેક ક્ષેત્રમાં અશાંતિ હાથમાં આવે છે. તેથી આપણે કોઈપણ સ્તરની વ્યક્તિ હોઈએ, પોતાની ઉર્જાનો રચનાત્મક હિસ્સો સક્રિય રાખવો જોઈએ. તેનાથી ભેદભાવ ઘટશે, વાતચીતનું વાતાવરણ ઉભુ થશે અને એકબીજા પ્રત્યે સદ્ભાવ જાગશે. આપણે જેટલા રચનાત્મકતા તરફ વળીશું તેટલા જ પોઝીટીવ થઈ જઈશું. જીવન નિષેધનું નામ નથી. જીવનને વિધેયથી ચલાવવું જોઈએ. સકારાત્મકતા વધારવાનો સતત પ્રયાસ કરવો જોઈએ. હરિફાઈનાં આ યુગમાં સુખ અને દુઃખ આવતાં જ રહે છે. જો આપણે પોઝીટીવ નહી રહીએ તો સુખનો સદુપયોગ નહી કરી શકીએ. અને દુઃખ સતત આપણી પાસે કામ કરાવતું રહેશે. જો આપણે ભાનમાં રહીને તો ક્યારેય કરવા નહી માંગીએ. દુઃખ વિચલન લાવે છે. અને જો તે લાંબા સમય સુધી ટકી જાય તો મનુષ્ય ડિપ્રેશનમાં જતો રહે છે. અથવા તો વિધ્વંશક થઈ જાય છે. તેથી ૨૪ કલાકમાંથી થોડો સમય પોતાની ઉર્જાની રચનાત્મકતા પર પકડ બનાવવા રાખો. જો એક વખત ખોટી દિશામાં જતા રહ્યાં તો પાછા ફરવું મુશ્કેલ બનશે.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# એપલ કંપનીનાં લોગોમાં કપાયેલા સફરજનનું રહસ્ય!



તેજસ ઠક્કર
IT EXPERT
www.tejasthakkar.com

**કમ્પ્યૂટર સાયન્સનાં પિતા એલન ટર્નિંગને શ્રધ્ધાંજલિ આપવાનાં શુભ આશય સાથે આ લોગો તૈયાર કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.**

વિશ્વભરમાં ખ્યાતનામ અને ટેકનોલોજી આધારીત કવોલીટી પ્રોડક્ટ તૈયાર કરતી એપલ કંપનીથી ભાગ્યેજ કોઇ અજાણ હશે. ખરૂ ને ? એપલ કંપનીની પ્રાથમિક માહિતી મેળવીએ તો તે વિશ્વની સૌથી નામાંકિત ટેકનોલોજી પ્રોડક્ટ બનાવતી કંપની છે. તે સ્માર્ટ ફોન, આઇફોન, આઇપેડ, લેપટોપ, ઘડિયાળ ટી.વી. અનેક પ્રકારની પ્રોડક્ટસ તૈયાર કરે છે. એપલ કંપનીની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૭૬નાં રોજ સ્ટીવ જોબ્સ, સ્ટીવ વોજનિયાક અને રોનાલ્ડ વેને કરી હતી. જ્યારે પણ એપલ કંપનીનાં મોબાઇલ તેમજ તેની અન્ય કોઇ પ્રોડક્ટ જોઇએ ત્યારે અથવા એપલ કંપનીની કોઇ જાહેરાત જોઇએ ત્યારે તેનો કપાયેલો સફરજનવાળો લોગો જોઇને કુતુહલવશ પ્રશ્ન થાય કે એપલના લોગોમાં ખાધેલું સફરજન જ કેમ લેવામાં આવ્યું છે. ? આવું કેમ ? પહેલી દષ્ટિએ વાત પણ સાચી લાગે કે, લોગો તરીકે ઉપયોગમાં લેવું જ હતું તો આખુ સફરજન કેમ લેવામાં ન આવ્યું. કપાયેલું કે ખાધેલું સફરજન લેવાનું કારણ શું ? પ્રસ્તુત આર્ટીકલમાં આપણે આ બાબતે જ વિગતવાર ચર્ચા કરીશું.




- સ્ટીવ જોબ્સે એપલ કંપનીનાં લોગો તરીકે સફરજન જ કેમ રાખ્યું. તેનું એક કારણ એવું જણાવવામાં આવે છે. કે સ્ટીવ જોબ્સને ઉત્તર કૈલિફોર્નિયામાં સફરજનનાં બગીચા હતાં. જ્યાં તેમણે પોતાના જીવનનો ઘણો સમય વિતાવ્યો હતો. વળી, સ્ટીવ જોબ્સ એપલ એટલે કે સફરજનને સંપૂર્ણ ફળ માનતા હતાં. તેમજ સ્વાસ્થ્ય માટે સૌથી ઉત્તમ માનતાં હતાં. વળી, કંપનીની સ્થાપના કરતી વખતે કંપનીનું નામ રાખવાની વાત આવી ત્યારે આ યાદીમાં એપલ નામ સૌથી ટોચ પર હતું. જે તેમણે જ સુચવ્યું હતું.

- ઇ.સ. ૧૯૭૬માં કંપનીનાં સહસ્થાપક રોનાલ્ડ વેને એપલ કંપનીનો સૌ પ્રથમ લોગો તૈયાર કર્યો હતો. એપલ કંપનીનાં સૌ પ્રથમ લોગોમાં ઝાડની નીચે બેઠેલાં ન્યૂટન અને ઝાડ પરથી પડતાં સફરજન અને ત્યારબાદ શોધાયેલા ગુરૂત્વાકર્ષણનાં નિયમને સાંકળવામાં આવ્યો હતો.

- ઇ.સ. ૧૯૭૭માં સ્ટીવ જોબ્સે એપલનો નવો લોગો તૈયાર કરવાનું કામ રોબ જેનિફને સોપ્યું. તેમના વડે તૈયાર કરવામાં આવેલાં ખાધેલાં એટલે કે કપાયેલા સફરજનનો લોગો સ્ટીવ જોબ્સને ખૂબજ પસંદ આવ્યો. એપલનો આ પ્રકારનો લોગો ટમેટાં કે ચેરીથી અલગ લાગે તે માટે તૈયાર કરવામાં આવ્યો હતો. વળી, કપાઇ ગયેલા સ્વરૂપે પણ સફરજનની ઓળખમાં કોઇ ફેરફાર થતો નથી. અને તેને સ્પષ્ટ રીતે ઓળખી શકાય છે. સૌ પ્રથમ વખત એપલનો આ પ્રકારનો લોગો કપાયેલા સ્વરૂપે, ઉપરની તરફ લીલી રંગની પાંદડી સાથે અને રંગબેરંગી સ્વરૂપનો તૈયાર કરવામાં આવ્યો હતો. જેથી ઉપયોગકર્તાને એપલ એટલે કે સફરજન ઓળખવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે.

- એપલનો લોગો કપાયેલાં સ્વરૂપનો તૈયાર કરવા પાછળ અન્ય રોચક તથ્ય હોવાનું પણ જણાવવામાં આવે છે. કમ્પ્યૂટર સાયન્સનાં પિતા એલન ટર્નિંગને શ્રધ્ધાંજલિ આપવાનાં શુભ આશય સાથે આ લોગો તૈયાર કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. એલન ટર્નિંગનું શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ થયું હતું અને તેમનાં મૃતદેહની પાસે ખાધેલું સફરજન મળ્યું હતું. જેના માનમાં આ પ્રકારનો લોગો તૈયાર કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

- એપલનો રંગબેરંગી લોગો ઇ.સ. ૧૯૭૭ થી ઇ.સ.૧૦૯૮ સુધી ચલણમાં રહ્યો. ત્યારબાદ ઇ.સ. ૧૯૯૮માં એપલનાં લોગોનાં રંગને બ્લૂ અને ત્યારબાદ બ્લેક, ઇ.સ. ૨૦૦૧માં ગ્રે, ઇ.સ. ૨૦૦૭માં સિલ્વર અને ઇ.સ. ૨૦૧૭થી સિલ્વર અને ઇ.સ. ૨૦૧૪થી ગ્રે અને બ્લેક કલરમાં રજૂ કરવામાં આવે છે. હાલમાં એપલનાં ગ્રે અને બ્લેક રંગમાં ઉપલબ્ધ લોગો ચલણમાં છે.

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Pageનાં માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવા ટેકનોલોજીને લગતા મુદ્દા સાથે.. અને હા આપના અમૂલ્ય સૂચનો The Open Pageનાં માધ્યમ થકી મોકલતાં રહેશો...

# Honey Badger નિડર અને નિર્ભય પ્રાણી



બર્ડ વોચર
A.A.R.T.I
Adventure Campsite

**ગુજરાતમાં નોંધાયેલ નથી. માટે અહિંયા વસવાટ કરતાં ઘોર ખોદીયા જાતે જ પોતાનો ખોરાક શોધવા મજબૂર છે. ખૂબજ નિડર, નિર્ભય આ પ્રાણી આજે વિલુપ્તીની કગાર પર છે.**



પ્રાણીઓમાં અજીબો ગરીબ કહી શકાય તેવું અનોખુ અને હિંસક પ્રાણી પણ છે. જેને Ratel or Honey Badger (ઘોર ખોદીયું) તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રાણીનું નામ તો લગભગ બધાએ સાંભળ્યું જ હશે. પરંતુ જેને જોનારા ઘણા ઓછા લોકો છે. તેને આપણાં ગુજરાતમાં ઘણા લોકલ નામ મળેલ છે. જેમકે વેંઝુ, બરટોડી, ઘોરનાર જેવા ઘણા નામ છે. અને તેના નામ પ્રમાણે તે એટલું જ હિંસક પણ છે. આ પ્રાણીની સાઇઝ લગભગ ૬૦ થી ૭૫ સે.મી. વજન લગભગ ૧૦ થી ૧૨ કિલોગ્રામ ઉંચાઇ પણ ૨૫ થી ૩૦ સે.મી.માં હોય છે.

અને તેનો ગર્ભકાળ ૬ માસનો હોય છે. એકવારમાં તે ૧ થી ૨ બચ્ચાંને જન્મ આપે છે. તેનું આયુષ્ય ૧૫ થી ૨૦ વર્ષનું હોય છે. દેખાવે તે રીંછ જેવું દેખાય છે. તિક્ષ્ણ નહોર અને મજબૂત દાંતવાળા આ પ્રાણીનાં શરીરનો ઉપરનો ભાગ સફેદ-રાખોડી રંગનો હોય છે. અને નીચેનો ભાગ કાળો હોય છે. આ પ્રાણીનો મુખ્ય ખોરાક નાના-નાના પશુ, પક્ષી, જીવડાં, મધ, ફળ છે. આપણા ગુજરાતમાં તે ગીરનાં જંગલો તેમજ કચ્છ-ભુજનાં અમુક વિસ્તારોમાં મળી આવે છે.

ખાસ કરીને તેની વધુ હાજરી ગીરનાં જંગલોમાં છે. સમય આવે તેનાં અથવા તેનાં બચ્ચાંનાં રક્ષણ માટે તે સિંહની પણ સામે લડતા નોંધવામાં આવ્યું છે. તો માણસની તો શુ વિષાત છે. માણસોની સામે પડવાનાં તો ઘણા કિસ્સાઓ છે. પણ સાથે તે એટલું નિર્દોષ પણ છે. તેને જ્યારે વધુ છંછેડવામાં આવે ત્યારે જ તે આક્રમક બને છે. આ નિર્ભય પ્રાણી એટલું જ શરમાળ પણ છે. માટે તો તેને જોનાર લોકો ઘણા ઓછા છે. આમ તો તે નિશાચર છે. એટલે કે રાત્રીનાં સમયમાં જ તેની બખોલમાંથી બહાર આવે છે. અત્યંત કટોકટીનાં સમયે તે મરી ગયેલું હોય તેમ પડ્યું રહે છે. તેની વિશે એક માન્યતા એવી પણ છે કે તે



શબ (લાશ) ચોરી જાય છે. માટે તેનું નામ ઘોરખોદીયું પડ્યું છે. પણ તે માન્યતા જ છે. તેને મધ ખૂબ ભાવતું હોવાથી ઉદાહરણ આપીને વાત કરીએ તો સૌથી આશ્ચર્યજનક દાખલો આફ્રિકામાં જોવા મળતા ઘોરખોદીયા અને હની ગાઇડ નામના પક્ષી વચ્ચે સ્થપાયેલા મૈત્રી સંબંધનો છે.

ગિવ-એન્ડ-ટેકની ફોર્મુલા તેમને અપનાવી છે. અને તે મુજબ પોતાનો પાર્ટનરશિપ બિઝનેશ તેઓ ચલાવે છે. આમ પણ ઘોરખોદીયાનું સૌથી પ્રિય ભોજન પક્ષી પણ છે. ખાસ કરીને પક્ષીનાં બચ્ચાં હની ગાઇડ નામનું પક્ષી ઘોરખોદીયાની નજરે ચડે કે તરત ઘોરખોદીયાને મધની લાલસા જાગી જાય છે. અને તેને તકલીફ એ વાતે પડે કે ઘોરખોદીયાનાં પગ લાંબા નથી લગભગ ઠૂંઠા છે.

એટલે મધપૂડો શોધવા લાંબી રઝળપાટ કરવાનું તેને ગમતું નથી અને ફાવતું પણ નથી, એકવાર જો આંકડે ચોટેલો મધપૂડો દેખાય તો તે ભાળ્યુ ન રહે કેમકે, તેનું શરીર ડંખીલી મધમાખીની પણ ઐસીતૈસી કરી શકે તેવું બખ્તરબંધ છે. કુદરતે તેની આખી પીઠ રૂંવાટીદાર એવા સફેદ ઓવરકોટ વડે ઢાંકી દીધી છે. પગે તથા પેટાળે કાળા ગુચ્છેદાર વાળ આપ્યાં છે. મોઢાંની અને નાકની ખુલ્લી ત્વચા પણ એટલી જાડી છે કે, મધમાખીનો ડંખ તેને ભેદી શકે નહીં. આમ છતાં ભોજન ક્યાં પિરસેલું છે.

તે ઘોરખોદીયું પોતાની મેળે જાણી શકતું નથી, આ ખબર આપવાનું કામ પેલા હની ગાઇડ નામના પક્ષીનું છે. જેની સાથે ઘોરખોદીયાએ મૈત્રી સંબંધ કેળવ્યો છે. અને હની ગાઇડ પક્ષીનો પણ મુખ્ય ખોરાક મધ, મધમીણ અને મધમાખી છે. પરંતુ અકબંધ મધપૂડાને તોડવા માટે હની ગાઇડની ચાંચ વધુ પડતી ટૂંકી અને કમજોર સાબિત થાય છે. હજારો-લાખોની સંખ્યામાં મધમાખીઓનું ઝૂંડ ધરાવતાં મધપૂડા પર ત્રાટકવાનું જોખમ તે કરતું નથી, છૂટી છવાઇ મધમાખી ઉડતી હોય એ વખતે વારાફરતી ઝાપટ મારી તેનો નાસ્તો કરી લેવાનું હની ગાઇડનાં પક્ષીને વધારે ફાવે, આમ આ પક્ષી ઘોરખોદીયાની મદદ લે છે.

અને તેને મધપૂડા સુધી લઇ જાય છે. પછી તો ઘોરખોદીયું તેનું કામ ચાલુ કરી દે છે. અને હની ગાઇડ પક્ષી તેનું કામ પણ આ હની ગાઇડ પક્ષી. આપણા ગુજરાતમાં નોંધાયેલ નથી. માટે અહિંયા વસવાટ કરતાં ઘોર ખોદીયા જાતે જ પોતાનો ખોરાક શોધવા મજબૂર છે. ખૂબજ નિડર, નિર્ભય આ પ્રાણી આજે વિલુપ્તીની કગાર પર છે.

# કાગડાએ નિભાવી મિત્રતા



એક ગામ હતું. ગામની ભાગોળે એક ખેતર હતું. આ ખેતરમાં એક સુંદર અને નાનકડું ઘર હતું. આ નાનકડા ઘરમાં એક ખેડૂત પરિવાર રહેતો હતો. પરિવારમાં ખેડૂતને એક નાનકડો દીકરો પણ હતો. ઘરની આગળ એક મોટું લીમડાનું ઝાડ હતું. ઘરમાં રહેતો નાનકડો દીકરો ઝાડ નીચે રોજ રમ્યાં કરતો.

લીમડાનાં ઝાડ ઉપર એક કાગડો રહેતો હતો. કાગડો રોજે કા..કા.. બોલ્યા કરતો. કાગડાનાં આ શબ્દો સાંભળી નાનકડો દીકરો તેની કાલી-કાલી ભાષામાં કહેતો...

*કાગડા તું અહીંયાથી જા જા*
*અહીંયાથી જા..જા..*
*હુ તો છુ બાળા રાજા..*

બાળકનાં આ શબ્દો સાંભળી કાગડો જવાના બદલે બાળકને સામો જવાબ આપતો..

*ઓ બાળા રાજા*
*તુ તો મારો મિત્ર થા..થા..*

ત્યારે બાળક કાગડાને કહેતો 'જા..જા.. કાગડાભાઇ, તારો મિત્ર કોણ થાય ? તુ તો સાવ સ્વાર્થી છે, તુ તો બીજાનો માળો પડાવી લે છે. તુ તો ખાવાનું પણ ગંદુ ખાય છે. અને બધાને ચાંચો મારે છે.' આ સાંભળી કાગડો બોલ્યો, હે બાળક ! પ્રભુએ મને આવો બનાવ્યો એમાં મારો શું વાંક ? પણ મને એકવાર મિત્ર બનાવીને જો તો ખરો ?



**ખોડાભાઈ પટેલ (ધર્મેશ)**
**આચાર્ય, મહેસાણા**

કાગડાની વાત સાંભળી તે બાળકે કાગડાને મિત્ર બનાવ્યો. નાનકડો બાળક કાગડાને રોજ ખાવાનું આપતો. પાણી પીવડાવતો. બંને એકબીજા સાથે વાતો કરતાં અને પછી પોત પોતાનાં કામે લાગી જતાં.

સમય જતાં આ બાળક થોડો મોટો થયો. મોટો થતાં સમજુ પણ થયો. આ છોકરો એક દિવસ લીમડાનાં ઝાડ નીચે એકલો સૂઇ ગયો હતો. ત્યારે ઝાડની બાજુમાં આવેલ દરમાંથી એક ઝેરી સાપ બહાર આવી છોકરાને કરડવા ધસ્યો. ત્યાં પેલો કાગડો ઝાડ પરથી જોઇ ગયો. અને વિચારવા લાગ્યો કે આતો કાળોતરો સાપ ! હમણાં મારા મિત્રને દંશ મારશે. અને મારા મિત્રનાં રામ રમી જશે. કાગડો તરત જ નીચે આવી પેલા ઝેરી સાપને ચાંચ વડે મારવા લાગ્યો. અને કા..કા.. બોલવા માંડ્યો. કાગડા અને સાપની લડાઇનાં અવાજથી છોકરો જાગી ગયો. છોકરાની નજર સામે કાગડો ચાંચ મારી મારીને પેલા ઝેરી સાપને અધમૂઓ કરી નાખ્યો. આમ કાગડાએ પોતાના મિત્રનો જીવ બચાવ્યો. આ દ્રશ્ય જોઇ છોકરો પણ ગળગળા અવાજે બોલી ઉઠ્યો.

'વાહ ! મિત્ર વાહ !'

પછી છોકરાએ કાગડાને ખીર-પૂરી ખવરાવી.

## લાઇવ એજ્યુકેશનથી શિક્ષણ આપતી શાળા મહુવામાં : બેલુર વિદ્યાલય



બાળ માનસ પર શિક્ષણ એટલે કે શૈક્ષણિક મુદ્દાઓ લાંબાગાળા સુધી સચવાયેલા કે સમજાયેલ રહે એવા હેતુસર બેલુર વિદ્યાલયમાં લાઇવ એજ્યુકેશનથી શિક્ષણ આપવાની પ્રણાલી રહી છે.

પોતાના ધોરણ મુજબ પોતાના શૈક્ષણિક મુદ્દાઓને માત્રને માત્ર કથન પદ્ધતિ દ્વારા નહી પરંતુ બાળક પોતે એજ મુદ્દાને હુબહુ જુએ, સમજે અને અનુસરે એવી પદ્ધતિથી શિક્ષણ આપતી શાળા એટલે બેલુર વિદ્યાલય. આ ઉપરાંત બાળકોને શૈક્ષણિક મુદ્દાઓ અનુસંધાને રૂબરૂ મુલાકાત લેવડાવી કે પ્રયોગ કરાવી, મોડેલ બનાવી શિક્ષણ આપવાનો પ્રયાસ કરતી શાળા બની છે. લાઇવ એજ્યુકેશનથી બાળકોમાં શૈક્ષણિક સ્તરમાં પણ સુધારો જોવા મળેલ, જે બદલ સૌ સ્ટાફગણને અભિનંદન પાઠવતી શાળા બેલુર વિદ્યાલય.

## મહારાણા પ્રતાપ પ્રા. શાળામાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો





"જીવનમાં સફળ થવાં શરીર બળ, બુદ્ધિ બળ કરતાં પણ સંકલ્પ બળનું વિશેષ મહત્વ છે." શ્રી હરિકૃષ્ણભાઇ શાસ્ત્રી

મહારાણા પ્રતાપ પ્રા. શાળામાં ધોરણ ૮નો વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત શ્રીમતી રેખાબેન વસોયાએ સુમધુર પ્રાર્થનાથી કરી. ધોરણ ૮નાં વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવો અને શિક્ષકોએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતાં.

કાર્યક્રમનાં મુખ્ય મહેમાન અને વક્તાશ્રીએ જણાવ્યું હતું કે 'મનુષ્યએ જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા શરીર બળ, બુદ્ધિબળ કેળવવું પડે છે. આ ઉપરાંત સંકલ્પ બળનું સૌથી વિશેષ મહત્વ રહે છે' તેમણે ખૂબજ રસાળ અને હળવી શૈલીમાં વિદ્યાર્થીઓએ વિવિધ ઉદાહરણો અને પ્રસંગો દ્વારા સુંદર માર્ગદર્શન આપ્યું હતું. ઇ. એમ. ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રતિનિધિ શ્રી બાબુભાઇ વિરડીયાએ પણ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

શાળાનાં આચાર્યશ્રી મિતેશભાઇએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. શિક્ષકશ્રી રાજેશભાઇ ધામેલિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.





## કચરાનાં કાયન...

*કચરાનાં કાયન અમે,*
*ભૂલી ભાન અમે,*
*રગદોળાતા, એઠવાડનાં પહાડમાં*
*કચરાનાં કાંચન અમે.*
*અહી તહી વેરણ છેરણ*
*તૂટેલું ફૂટેલું ભાગ્યું એઠું*
*ભેગુ કરતાં, હસતાં રમતાં,*
*કચરાનાં કાંચન અમે...*
*આજે કેટલો કચરો મળ્યો,*
*કેટલી ફૂટેલી બાટલી મળી,*
*અમે બણગાં ફૂકતાં અને*
*કચરાનાં કાંચન અમે...*
*આજ કેટલો કચરો મળ્યો,*
*કેટલી ફૂટેલી ચીજ મળી,*
*અમે બણગાં ફૂકતાં અમે,*
*કચરાનાં કાંચન અમે...*
*આ કેમ ફેંક્યું, તે કેમ તૂંટ્યું,*
*શુ આના જોયું, એમ વિચારતાં*
*હરખાતાં મલકાતાં,*
*કચરાનાં કાંચન અમે..*
*હાલ તો અમારા બુરા,*
*પણ ખ્યાલ બહુ ઉંચા,*
*સફાઈનો સૂરજ આણતાં*
*કચરાનાં કાંચન અમે,*
*નીરખી નીરખી ટ્રીટ લેતાં,*
*વિચારતાં, ચાટતાં ખાતાં, ફ્રેલતા,*
*અર્ધી ઉંઘમાં મહેલો ચણતાં,*
*કચરાનાં કાંચન અમે...*
*ગંદકી એઠવાડ, કચરા સાથે રોજનો નાતો,*
*કરતા અમે મોજીલી મસ્ત વાતો,*
*કાશ એક, ઢગલો હોય સ્કૂલ પાસે,*
*કચરાનાં કાંચન અમે...*



**શુભા જોષી**
ચાર્વી ઇંગ્લિશ સ્કૂલ
અમદાવાદ

# ઓવર કોન્ફિડેન્સ

એક વિશાળ દરિયો હતો. તેમાં ઘણી માછલીઓ રહેતી હતી. તો એક દિવસ દરિયાઇ ઘોડાઓએ વિચાર્યુ કે દોડ સ્પર્ધા રાખવામાં આવે. જે જીતે એને ઇનામ મળે. દરિયાઇ ઘોડા એ દોડમાં ભાગ લીધો તો એક ઘોડો એટલી મહેનત કરતો કે ૨૦૦ મીટર ૧૦ સેકન્ડમાં દોડે એટલી મહેનતા કરતો. જ્યારે બીજા નંબર નો જે ઘોડો હતો કે અગાઉ દોડમાં પહેલો નંબર લાવ્યો હતો. તેથી તેને એમ હતું કે 'મારે કંઇ મહેનત કરવાની જરૂર નથી' મારો પહેલો નંબર આવ્યો હતો તો મારે શું મહેનતત કરવી. હું તો સહેલાઇથી આ સ્પર્ધા જીતી જઇશ. અને થોડા દિવસો બાદ સ્પર્ધાનો દિવસ આવ્યો. બંને ઘોડા આવ્યાં. પહેલા ઘોડાએ મહેનત કરી હતી અને તેના પર વિશ્વાસ હતો કે હું આ સ્પર્ધા પ્રથમ નંબરે જીતીશ. આમ સ્પર્ધા શરૂ કરવામાં આવી અને બીજા નંબરના ઘોડાએ મહેનત નહોતી કરી તે હારી ગયો અને પહેલાં નંબરનો ઘોડો જીતી ગયો.

**બોધ:** આપણને એમ લાગતું હોય છે કે આપણે ધોરણ – ૮ ભણી પાસ કરી લીધુ એમ ધોરણ – ૯ પાસ કરીશું.. પણ મહેનત ન કરીએ તો આપણે નાપાસ થશું એ માટે કોઇપણ બાબતમાં મહેનત કર્યા વગર તે વસ્તુ જીતી શકાતી નથી.





## જો જો પાછા હસતા નહી

### ઓક્સિજનની પાઇપ

મારો એક ચાઇનીઝ મિત્ર ICUમાં એડમીટ હતો. એટલે હું એને મળવા ગયો.
હજુ તો જઇને તેની બાજુમાં ઉભો હતો, તો તે 'ચીન વોન્ગ મીન ટાંગ દૂંગ દો' આટલુ બોલીને મરી ગયો.
મને સમજાણું નહીં કે આ શું બોલીને મરી ગયો ! એટલે તે જાણવા મે ગુગલ કર્યું. તો તેનો અર્થ જાણવા મળ્યો કે 'ગધેડા તુ મારી ઓક્સિજનની પાઇપ પર ઉભો છે.. હેઠો ઉતર..

### પીઝા એટલે શું..?

પીઝા એટલે શું..?
ઉચ્ચતર અભ્યાસ માટે વિદેશ ગયેલી આપણી ભાખરી.

### આજે જીવડું નીકળ્યું

પપ્પુ એકવાર સફરજન લાવ્યો પણ તેમાંથી જીવડું નીકળ્યું..
**સફરજનવાળો:** અરે, આતો કિસ્મતની વાત છે. આજે જીવડુ નીકળ્યું શું ખબર કાલે કાર અને બાઇક નીકળે.
**પપ્પુ:** ૫ કિલો હજી આપી દો.

### ખતરનાક ઉદાહરણ ના આપશો?



ગુજરાતી કસ્ટમરે બેંકમાં ફોન કર્યો.
મારે ચેક ડિપોઝીટ કરવો છે, તો કેટલા સમયમાં પાસ થઇ જશે ???
**બેંકર:** સર ૩ થી ૭ દિવસમાં ક્લિયર થઇ જશે.
**કસ્ટમર:** બંને બેંકો તો સામસામે જ છે. તોય આટલા બધા દિવસ કેમ લગાડો છો હે ???
**બેંકર:** સર જે પ્રોસીજર હોય તેને ફોલો કરવી પડે ને..
તમારો અકસ્માત જો સ્મશાનભૂમિ સામે થાય તો તમને પહેલા ઘરે લઇ જાય, સફેદ ચાદર ઓઢાળે વિધિ કરે ઠાઠળીમાં તૈયાર કરે અને પછી સ્મશાનમાં લાવીને ભડકે બાળે ને.. ? કે સીધા જ ત્યાં સામે જ સ્મશાનમાં ભડકે બાળવા જ લઇ જાય.. ???
**કસ્ટમર:** આટલુ ખતરનાક ઉદાહરણ ના આપશો ભાઇ હું સમજી ગયો.